# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૨૯-૧૧-૨૦૨૨

- **દલિત–આદિવાસી–બક્ષીપંચ-લઘુમતી ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના કરોડો બાળકો અને ગુજરાતના ૫૦ લાખ બાળકો માટેની પ્રિમેટ્રીક છાત્રવૃત્તિ બંધ કરી શિક્ષણથી વંચિત કરતી ભાજપ સરકાર.**
- **કોંગ્રેસ શિક્ષણનો અધિકાર આપે છે અને ભાજપ શિક્ષણનો અધિકાર છીનવી રહી છે.**

દેશમાં ધોરણ-૧ થી ૮ આઠ કરોડ જેટલા અનુસુચિત જાતિ., સાડા ચાર કરોડ અનુસૂચિત જનજાતિ. સહિત ઓ.બી.સી., માઈનોરીટીના કરોડો ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના બાળકો અને ગુજરાતના **૫૦** લાખ બાળકો માટેની પ્રિમેટ્રીક છાત્રવૃત્તિ બંધ કરી શિક્ષણથી વંચિત રાખવાના ભાજપના અવિચારી નિર્ણય ઉપર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ શાસનમાં વર્ષોથી શરુ કરેલ ધોરણ-**૧** થી ૮ સુધી આઠ કરોડ જેટલા એસ.સી., સાડા ચાર કરોડ એસ.ટી. સહિત કરોડોની સંખ્યામાં ઓ.બી.સી, લઘુમતિ સમાજના બાળકોને શિક્ષણનો અધિકાર મળે તે માટે છાત્રવૃત્તિ આપવામાં આવે છે. ભાજપ સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ માં શિક્ષણની મૂળભુત અધિકાર પર ઘાત કરતો છાત્રવૃત્તિ બંધ કરવાનો અવિચારી નિર્ણયથી ગરીબ – સામાન્ય, મધ્યમવર્ગના સમાજ માટે ઘાતક સાબિત થશે. દલિત-આદિવાસી-બક્ષીપંચ અને લઘુમતી બાળકોને મળવાપાત્ર શિષ્યવૃતિ બંધ કરવાનો ભાજપ સરકારનો નિર્ણય બતાવે છે કે ભાજપા દલિત-આદિવાસી-બક્ષીપંચ-લઘુમતી વિરોધી માનસિકતા ધરાવે છે. દલિત-આદિવાસી-બક્ષીપંચ લઘુમતીના બાળકો શિક્ષણથી વંચિત રહે તેવો એક વધુ નિર્ણય છે અને આ સમાજના લોકોને શિક્ષા ન મળે તેનું એક ષડયંત્ર છે. દેશમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., સબ પ્લાન બંધ કરવાની વાત હોય, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને લઘુમતિ સમાજને ફાળવવામાં આવેલા બજેટમાં ઘટાડો કરવાની વાત હોય અથવા તેમના શૈક્ષણિક - આર્થિક - સામાજીક ઉત્થાન માટેની યોજનાઓ બંધ કરવાની નિર્ણયો ભાજપ સરકાર લેતી આવી છે. ધોરણ-૧ થી ૮ ના લાખો ગરીબ - વંચિત - શોષિત માટેની પ્રિમેટ્રીક સ્કોલરશીપ બંધ કરી ભાજપે પોતાની એસ.સી., એસ.ટી, ઓ.બી.સી., વિરોધી માનસિકતા છતી કરી છે. દેશમાં શિક્ષણ વિરોધી, એસ.સી., એસ.ટી, ઓ.બી.સી. વિરોધી આ ફરમાન - નિર્ણયને તાત્કાલીક અસરથી પાછો લેવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

| ક્રમ | ગુજરાતના વિદ્યાર્થીઓ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અનુસુચિત જાતિ | ૫૫૭૮૦૦ |
| ૨ | અનુસુચિત જનજાતિ | ૧૫૧૨૦૭૩ |
| ૩ | બક્ષીપંચ | ૨૨૮૯૧૦૭ |
| ૪ | લઘુમતી | ૪૯૬૪૪૭ |

(ડૉ. મનિષ દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા